For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સુરતને નદી-ખાડી પૂરથી બચાવવા જાપાન મેદાનમાં

જાયકા બનાવશે કોમ્પ્રીહેન્સીવ ફ્લડ કંટ્રોલ મેનેજમેન્ટ પ્લાન

ભારત-જાપાન વચ્ચે થયેલા દ્વીપક્ષીય કરારોના ભાગરૂપે જાપાનની 'જાયકા' એજન્સી સુરત માટે વિનામૂલ્યે પ્લાન બનાવી આપશે, સુરતને એક પણ રૂપિયો ખર્ચ કર્યા વગર નેશનલ અને ઇન્ટરનેશનલ તજ્ઞોનો લાભ મળશે

સુરત : ખાડી, નદી અને દરિયાથી ઘેરાયેલા સુરત શહેર માટે પુરની આફત એક મોટો પડકાર છે. વર્ષ 2006માં તાપી નદીમાં આવેલી વિનાશક રેલ બાદ ઉકાઇ ડેમમાં આવતા પાણીના યોગ્ય મેનેજમેન્ટના કારણે તાપી નદીમાં પુરની સમસ્યાનો મહદઅંશે ઉકેલ આવ્યો છે. જોકે ઉકાઇ બાદ સુરત સુધીના વિસ્તારમાં જો ભારે વરસાદ પડે તો હજુ પણ પુરની શકયતા નકારી શકાતી નથી,

...અનુસંધાન પાના 13 પર

કેવી રીતે પ્લાન તૈયાર કરાશે ?

આ પ્લાન તૈયાર કરવા માટે લોઅર તાપી બેસીન એટલે કે ઉકાઈથી લઈને હેઠવાસ (ડાઉનસ્ટ્રીમ) વિસ્તાર, તાપી નદી બેસીન (નદી ક્ષેત્ર) ઉપરાંત સુરત મેટ્રોપોલિટિન એરિયામાં ખજોદ ખાડી, કાંકરા ખાડી, ભેદવાડ, ખાડી, કોયલી ખાડી, મીઠી ખાડી સહિતની અન્ય ખાડીઓનો સર્વે અને અભ્યાસ જાપાનની એજન્સી કરશે. કેન્દ્ર સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ

...અનુસંધાન પાના 13 પર

નદી, ખાડી અને દરિયાની અસરો ધ્યાને રાખીને પ્લાન તૈયાર કરાશે : શાલીની અગ્રવાલ

મનપા કમિશનર શાલિની અગ્રવાલે જણાવ્યું હતું કે, સુરત શહેરમાં ફ્લડ માટે જુદા જુદા પાસાઓ કામ કરે છે. તાપી નદી સુરતના મધ્યમાંથી પસાર થાય છે. આ સિવાય વિવિધ ખાડીઓ સુરતમાંથી પસાર થાય છે. ઉકાઈ ડેમનો પ્રભાવ તાપીના પ્રવાહ પર પડે છે. ઉપરવાસમાં જે વરસાદ પડે છે તેનો પ્રભાવ પણ સુરત શહેરમાં જોવા મળે છે.દરિયામાંથી જે ભરતી આવે છે તેના કારણે પણ તાપી નદી અને ખાડીમાં પાણી આવતું હોય છે. આ સમગ્ર પાસાઓ પુરની સ્થિતિ માટે કોઈક ને કોઈક રીતે કારણભૂત બને છે. તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને એક સંકલિત ફ્લડ કંટ્રોલ મેનેજમેન્ટ

...અનુસંધાન પાના 13 પર

દશામાંની 'અવદશા' | વિસર્જન બાદ મૂર્તિનો રડમસ ચહેરો

આવુ પહેલી વાર નથી થઇ રહ્યું આવું દર વર્ષે થાય છે. પોતાની દશા સુધારવા માટે ભક્તો દશ દશ દિવસ વ્રત રાખીને માતાજીની પૂજા અર્ચના કરે છે. જો કે, વિસર્જન વખતે તેની ખાડીઓ અને ગટરના ગંદા પાણીમાં ફેંકી આવે છે. જેને લીધે તેની અવદશા થાય છે. વિસર્જન બાદ માતાજીના ચહેરા ઉપર રીતસરના આંસુ દેખાઇ રહ્યાં છે. જો કે, શહેરની સાંસ્કૃતિક રક્ષા સમિતિ સંચાલિત માધવ ગૌશાળા અને એનિમલ હોસ્ટેલના ગૌસેવકો બુધવારે સવારથી વિસર્જનની પ્રક્રિયામાં જોડાયા હતાં. રઝળતી મળેલી દસામાની 300થી વધુ પ્રતિમાઓનું સાંસ્કૃતિક રક્ષા સમિતિ દ્વારા પુન:વિસર્જન કરાયું હતું. **(તસવીર હેમંત ડેરે, સતીષ જાદવ)**

હજીરાના દરિયા કાંઠેથી મળી આવેલા ચરસના પેકેટની કિંમત 1.87 કરોડ

ઓલપાડના ડભારી, મોરા અને હજીરામાં એસઓજીની બિનવારસી ડ્રગ્સ શોધવા કસરત

જો કોઇ અજાણતામાં પેકેટ લઇ આવ્યું હોય તો પોલીસને સોંપી દેવા અલ્ટિમેટમ

સુરત : હજીરા કાંઠા વિસ્તારમાં અફઘાની ચરસનો જથ્થો જે અંદાજે 1.87 કરોડનો છે. તેના હજુ વધુ પેકેટો સ્થાનિક માછીમારોએ દરિયામાં જોયા છે. તેથી એસઓજીએ નવસારીથી લઇને વલસાડ સુધીના તમામ દરિયાકાંઠે હાલમાં સઘન તપાસ શરૂ કરી છે. તેમાં હજુ કરોડો રૂપિયાના પેકેટ દરિયામાં વહેતા હોવાની વાત માછીમારોએ એસઓજીને આપી છે. તેથી એસઓજીએ તેની તમામ ટીમોને હાલમાં સતર્ક કરી દીધી છે. હાલમાં જે રીતે વલસાડ તથા તેની આજુબાજુના દરિયાકિનારે તોતિંગ જથ્થામાં અફઘાની ચરસ મળી રહ્યુ છે તે જોતા હજુ પોલીસ ઓલપાડના ડભારી, મોરા, હજીરા તથા કંપની બેલ્ટ જે સમુદ્ર કાંઠે આવી છે. તે તમામ સ્થળે સઘન તપાસ કરી રહી છે. આ તમામમાં હજુ એસઓજીની ટીમ હજીરા કાંઠાના ગામડામાં ફરી રહી છે. તેમાં જો કોઈએ ચરસનો જથ્થો અજાણતામાં લીધો હોય તો તે પોલીસને સોંપવા માટે પણ અલ્ટીમેટમ આપી દીધુ છે. તેમાં અગાઉ કરોડો રૂપિયાનો ચરસનો જથ્થો સંતાડયા બાદ તેનો સોદો કરવા જતા ચાર જેટલા લોકોની ધરપકડ કરવામાં આવી હતી. એસઓજીએ જણાવ્યું હતું કે હાલમાં કોસ્ટગાર્ડનું સઘન ચેકિંગ છે. આ મામલે કોસ્ટગાર્ડ પણ સઘન તપાસ કરી રહી છે.

ઓટોમેટેડ વ્હિકલ પાર્કિંગ સિસ્ટમનું સૂરસૂરિયું: ડ્રોપ અપ ફ્રી સેવાથી પેસેન્જર્સને વંચિત રાખ્યા

એરપોર્ટ પર નવા પાર્કિંગ કોન્ટ્રાક્ટરે પ્રથમ દિવસે વાહનોની લાંબી કતાર લગાવી

પાર્કિંગના વળાંક પાસે પાર્કિંગ ફ્રીનો બૂમ ગેટ મૂકવાને બદલે એરપોર્ટનો મેઈન રોડ સાંકળો કરી પાર્કિંગ ચાર્જ વસૂલવાનું શરુ કરતા હોબાળો મચ્યો

સવારથી રાત સુધી સુરત એરપોર્ટ પર કાર અને અન્ય વાહનોની લાઈન લાગી, પેસેન્જર બોર્ડિંગનો સમય ચૂકી જાય એવી દહેશત

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનો નવો પાર્કિંગ કોન્ટ્રાક્ટ નવી એજન્સીના હવાલે કરવાની સાથે આજે પ્રથમ દિવસે જ વાહનોની લાંબી કતાર લાગી છે. નવા પાર્કિંગ કોન્ટ્રાક્ટરે વાહનો પાર્કિંગ એરિયા કે ટર્મિનલ બિલ્ડિંગ સુધી પેસેન્જરને ડ્રોપ કરવા જાય ત્યાં પાર્કિંગ તરફ બૂમ ગેટ મૂકવાને બદલે એરપોર્ટનાં મુખ્ય પ્રવેશ દ્વારથી 200 મીટરના અંતરે પાર્કિંગ રોડનાં વળાંક પાસે મૂકી દીધો હતો. એને લીધે પેસેન્જરને મુકવા આવેલા વાહનોને 8 મિનિટ ડ્રોપ અપ

...અનુસંધાન પાના 13 પર

સુરત એરપોર્ટ ટેક્ષી સર્વિસના 100 ચાલકોની હડતાળ

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર નવી પાર્કિંગ એજન્સીની કામગીરીથી પ્રથમ દિવસે જ ત્રાસી જઈ સુરત એરપોર્ટ પર ટેક્સી સર્વિસ આપતા 100 જેટલા ટેક્સી ચાલકોએ ત્વરિત હડતાળ પાડી પેસેન્જરને લઈ જવાનું બંધ કર્યું હતું. એને લીધે પેસેન્જરોને ભર રોડ સુધી વાહન લેવા જવું પડ્યું

...અનુસંધાન પાના 13 પર

વરસાદના વિરામ બાદ આજે શહેરમાં સૂર્યનારાયણ દેખાયા

ઉકાઈ ડેમમાંથી 82 હજાર ક્યુસેક પાણીની આવક-જાવક

જિલ્લામાં ચોર્યાસીમાં સવારે અડધો ઈંચ વરસાદ નોંધાયો

સુરતઃ શહેરમાં આજે ચારેક તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો હતો. જ્યારે ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદના વિરામ બાદ પાણીની આવક અને જાવક 82 હજાર ક્યુસેક પર યથાવત રખાઈ છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેર અને જિલ્લામાં ત્રણેક દિવસ લોકલ રેઈન ફોલ એક્ટિવીટીની આગાહી કરવામાં આવી હતી. દરમિયાન આજે જિલ્લામાં ચોર્યાસી તાલુકામાં અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે માંગરોળમાં 5 મીમી, સુરતમાં 1 મીમી, માંડવીમાં 7 મીમી અને બારડોલીમાં 3 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદે વિરામ લીધો છે. જોકે હથનુર ડેમમાંથી 33 હજાર ક્યુસેક અને પ્રકાશામાંથી 44 હજાર ક્યુસેક પાણી ઉકાઈ ડેમમાં છોડાયું હતું. જેને પગલે ઉકાઈ ડેમમાં આજે પણ 82 હજાર ક્યુસેક પાણીની આવક થતા એટલું જ પાણી છોડવામાં આવી રહ્યું છે. ઉકાઈ ડેમની સપાટી આજે 334.91 ફૂટ

...અનુસંધાન પાના 13 પર

લેપ્ટોસ્પાયરોસીસની સુરતમાં એન્ટ્રી: 34 વર્ષીય યુવકનું મોત

દક્ષિણ ગુજરાતમાં લેપ્ટોસ્પાયરોસીસથી મોતની પ્રથમ ઘટના

સુરતઃ સામાન્ય રીતે ગ્રામીણ વિસ્તારમાં જોવા મળતા લેપ્ટોસ્પાઈરોસીસ રોગે આ વખતે સુરત શહેરમાં એન્ટ્રી કરી છે. લિંબાયતની મીઠી ખાડી વિસ્તારમાં રહેતા 34 વર્ષિય યુવકનું લેપ્ટોસ્પાઈરોસીસના કારણે મોત નીપજ્યું હતું.

હાલ શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોએ ઉછાળો માર્યો છે. ત્યારે લિંબાયતમાં લેપ્ટોસ્પાઈરોસીસે માથું ઊંચક્યું છે. સામાન્ય રીતે લેપ્ટોસ્પાઈરોસીસ ગ્રામીણ વિસ્તારમાં જોવા મળે છે. લિંબાયતના મીઠી ખાડી વિસ્તારમાં આવેલી ઈન્દીરાનગર વસાહતમાં રહેતા 34 વર્ષીય યુવકને અઠવાડિયા પહેલાં શરદી, ખાંસી અને તાવ આવ્યો હતો. તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. યુવકની તબિયત વધુ ખરાબ થતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. યુવકમાં લેપ્ટોસ્પાયરોસીસનાં ચિન્હો જણાતાં ડોક્ટરોએ ટેસ્ટિંગ માટે સેમ્પલ લીધાં હતાં. 11 ઓગસ્ટના રોજ ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન યુવકનું મોત નીપજ્યું હતું.

બુધવારે યુવકનો લેપ્ટોસ્પાઈરોસીસનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તંત્ર હરકતમાં આવી ગયું છે. જેની જાણ સુરત મહાનગર પાલિકાના

...અનુસંધાન પાના 13 પર

૨૦મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

વ્હાલા વડલાં જેવું આપનું જીવંત અસ્તિત્વ આજે અમારી વચ્ચે નથી. પણ વાદળાની શીતળ છાયા સમા સંસ્કારો, સ્નેહ, સમર્પણ, સંઘર્ષ અને સકારાત્મક જીવન શૈલી અમારા માટે આદર્શ રૂપ છે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી સૌની પ્રાર્થના.

લિ.
ડો. દીપ્તીબેન તુષારભાઈ ચૌધરી
ડો.હેમાંગીનીબેન પ્રજ્ઞેશભાઈ ચૌધરી
અનુજાબેન તેજસભાઈ ચૌધરી

સ્વ. અમરસિંહ ભીલાભાઈ ચૌધરી
સ્વ. તા. ૧૫/૦૮/૨૦૦૪

૨૦મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

મળે છે દેહ માટીમાં પણ તેનું નામ જીવે છે,
આપનું સાદુ જીવન, માયાળુ સ્વભાવ પ્રેમભરી જીવન શૈલીની યાદ અનંત સુધી અમને સૌને યાદ રહેશે. દરેક પ્રસંગે ખટકશે અમોને ખોટ તમારી.
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત સુખ અને શાંતિ અર્પે એજ અમારી સૌની પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. ગજરાબેન એ. ચૌધરી
ડો. ધ્વનિ, ઉર્જા, કશિષ, નંદિની, નુપુર, પર્વ

સ્વ. અમરસિંહ ભીલાભાઈ ચૌધરી
સ્વ. તા. ૧૫/૦૮/૨૦૦૪

૧૮ મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

સ્વ. વસંતલાલ રણછોડદાસ ઠક્કર (ખમણવાળા)
સ્વ.તા. ૧૫/૦૮/૨૦૦૬

એમનું વ્યક્તિત્વ એટલે... નિષ્ઠાવાન, નીડર અને નમ્રતાનો ત્રિવેણી સંગમ.. પરિશ્રમી, પરોપકારી, પૂજનીય, પારખું દ્રષ્ટિ અને પુરૂષાતનનું પંચામૃત... ધીરજ, ખંત અને ઉત્સાહ તેઓના મજબૂત મનોબળનો સચોટપર્યાય... એવા સ્મરણીય પૂજય દાદાજી ને અઢારી પુણ્યતિથિએ સહ્રયથી સાદર શ્રદ્ધાંજલિ અને સ્મરણાંજલિ..

લિ. ગં.સ્વ. લલીતાબેન વસંતલાલ ઠક્કર
સ્વ.દિલીપ વસંતલાલ ઠક્કર (પુત્ર) | વિનોદ વસંતલાલ ઠક્કર (પુત્ર)
દિનેશ વસંતલાલ ઠક્કર (પુત્ર) | ગાયત્રી વસંતલાલ ઠક્કર (પુત્રી)
ભરત વસંતલાલ ઠક્કર (પુત્ર) | તથા સમસ્ત પરિવારના જય ભોલેનાથ
ફર્મ : સુરતી ખમણ હાઉસ (અંબાજીરોડ)
નિવાસ સ્થાનઃ ૯/૮૮૭, અંબાજી રોડ, ચોર્યાસી ડેરીની પાસે, સુરત.

દુઃખદ અવસાન/બેસણું

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પૂજય પિતાશ્રી
જમુભાઈ નાથુભાઈ પટેલ
તા. ૧૨/૦૮/૨૦૨૪ને શ્રાવણ સુદ સાતમ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

સદ્ગતનું સંયુકત બેસણું
તા. ૧૬/૦૮/૨૦૨૪ના શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નોંધ : મહેરબાની કરી ફુલહાર, બિસ્કીટ તથા પૈસા મુકવા નહી.

સ્વ. જમુભાઈ નાથુભાઈ પટેલ
સ્વ.તા. ૧૨/૦૮/૨૦૨૪
શ્રાવણ સુદ સાતમ

લિ.
મહેશભાઈ જમુભાઈ પટેલ-પુત્ર
શિવમભાઈ મહેશભાઈ પટેલ-પૌત્ર
અજીતભાઈ નવિનભાઈ પટેલ-જમાઈ
મીતાબેન મહેશભાઈ પટેલ-પુત્રવધુ
હર્ષકુમાર મહેશભાઈ પટેલ-પૌત્ર
ઉષાબેન અજીતભાઈ પટેલ-પુત્રી
સ્વ. મનુભાઈ જસંવતભાઈ પટેલ
જેન્તિભાઈ જસંવતભાઈ પટેલ
તથા સમસ્ત પટેલ પરિવાર ના જય માતાજી
બેસણાનું સ્થળ : ઈ-૧, હરિહર નગર સોસાયટી, બ્રહ્માકુમારી આશ્રમની પાછળ, સાચી હોસ્પિટલની બાજુમાં, ભટાર રોડ, સુરત મો. ૯૮૨૫૩૭૦૯૨૦

''અમારી પ્રેરણા, અમારા પથદર્શક એવા પૂજ્ય પપ્પાને દ્વિતીય પુણ્યતિથિએ પ્રેમાંજલિ''



આપની અચાનક વિદાયને આજે બે વર્ષ પૂરા થયા છતાં એમ લાગે છે કે આપ અમારી સાથે જ છો.
પળે પળે આપની યાદ આવે છે,
આ સ્મરણો એ જ અમારો શ્વાસ છે,
આપનો નવકારમય આત્મા ભવ ભ્રમણ થી મુકત થઈ મોક્ષસુખ પામો.
એજ ભગવાન ને અંતરથી પ્રાર્થના કરતા
આપના પરિવાર જનો.

સ્વ. જ્યોતીન્દ્ર ભગવાનદાસ લેખડિયા
સ્વ. તા. ૧૬.૦૮.૨૦૨૨

લિ.
સ્વ. મીનાક્ષીબેન જ્યોતીન્દ્ર લેખડિયા
ગાર્શિલ જ્યોતીન્દ્ર લેખડિયા (પુત્ર) – માયા ગાર્શિલ લેખડિયા (પુત્રવધુ)
કેતન જ્યોતીન્દ્ર લેખડિયા (પુત્ર) – જ્યોતિ કેતન લેખડિયા (પુત્રવધુ)
જસ્મીન જ્યોતીન્દ્ર લેખડિયા (પુત્ર) – નીતા જસ્મીન લેખડિયા (પુત્રવધુ)
ઈલા નલીનકુમાર કડીવાલા (પુત્રી) – સ્વ. નલીનકુમાર બળવંતરાય કડીવાલા (જમાઈ)
તથા સમગ્ર ભગવાનદાસ લેખડિયા પરિવાર

૨૦મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

મળે છે દેહ માટીમાં પણ તેનું નામ જીવે છે,
આપનું સાદુ જીવન, માયાળુ સ્વભાવ પ્રેમભરી જીવન શૈલીની યાદ અનંત સુધી અમને સૌને યાદ રહેશે. દરેક પ્રસંગે ખટકશે અમોને ખોટ તમારી.
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત સુખ અને શાંતિ અર્પે એજ અમારી સૌની પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. ગજરાબેન એ. ચૌધરી
ડો. ધ્વનિ, ઉર્જા, કશિષ, નંદિની, નુપુર, પર્વ

સ્વ. અમરસિંહ ભીલાભાઈ ચૌધરી
સ્વ. તા. ૧૫/૦૮/૨૦૦૪

દુઃખદ અવસાન – બેસણું

દિલગીરી સહ જણાવવાનું કે અમારા મોટા બહેન ડૉ. વિભાબેન રતિલાલ ચૌહાણ (નિવૃત્ત જીલ્લા આયુર્વેદ અધિકારી)નું તા.૧૩/૦૮/૨૦૨૪ ને મંગળવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૭/૦૮/૨૦૨૪ ને શનિવારના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન ઉમરા SMC કોમ્યુનિટી હોલ, એસ. કે. પાર્ક પાસે, ઉમરા, સુરત મુકામે રાખેલ છે.

લિ. પરિતોષ રતિલાલ ચૌહાણ
રેણુકાબેન વિજયભાઇ પરમાર
ધ્વનિ શૈશવ ચૌહાણ
શૈશવ રમેશભાઇ ચૌહાણ
ચિત્રાંગ વિજયભાઇ પરમાર
દિપ્તી ચિત્રાંગ પરમાર

સ્વ.ડૉ. વિભાબેન રતિલાલ ચૌહાણ
સ્વ.તા.૧૩/૦૮/૨૦૨૪

૨૦મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

સમય પહેલા સૂર્ય અસ્ત થયો; જાણે ક્ષણવારમાં અંધકાર છવાઇ ગયો, અણધારી વિદાય લઇને તમે પ્રભુમાં સમાઇ ગયા, તમારી યાદ સદાય ફૂલોની જેમ મહેંકતી રહેશે. પ્રભુ તમારા દિવ્યાત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

લિ. મોહનભાઇ રણછોડજી પટેલ
રાજેશભાઈ મોહનભાઈ પટેલ - પુત્ર | અંજનાબેન રાજેશભાઈ પટેલ - પુત્રવધુ
વાસંતીબેન ભુપેન્દ્રભાઈ પટેલ - પુત્રી | ગીતાબેન હિતેશભાઈ પટેલ - પુત્રી
રેખાબેન અજીતભાઈ પટેલ - પુત્રી | હર્ષીદાબેન અજયભાઈ પટેલ - પુત્રી
વિરાજકુમાર રાજેશભાઈ પટેલ (USA) પૌત્ર યુવરાજ રાજેશભાઈ પટેલ - પૌત્ર
નેહા, દેવ્યાંશી, ખુશી, જય, કીર્તન, રૂદ્ર, પૂર્વ (યુ.એસ.એ) પૌત્ર
તથા પંચવટી પરિવારનાં જય જલારામ

સ્વ. અમરસિંહ ભીલાભાઈ ચૌધરી
સ્વ. તા. ૧૫/૦૮/૨૦૦૪

...હાર્દિક શ્રદ્ધાંજલિ...

આપ આત્મા સ્વરૂપે
જ્યાં હો ત્યાં પ્રભુ તમને સુખ, શાંતિ આપે એજ અમારા સૌની પ્રભુને પ્રાર્થના...

લિ.
જયંતીભાઈ છીમકાભાઈ પટેલ
પુષ્પાબેન જયંતીભાઈ પટેલ
સંદીપભાઈ જયંતીભાઈ પટેલ
પલ્લવીબેન સંદીપભાઈ પટેલ
શૌર્ય
સંદીપવિલા, બમરોલીગામ

સ્વ. હરેન્દ્રભાઈ દુર્લ્લભભાઈ પટેલ
સ્વ. તા. ૧૩.૮.૨૦૨૪

...હાર્દિક શ્રદ્ધાંજલિ...

સખત મહેનત, સેવાની ભાવના અને સહનશીલતા જેવા સદ્ગુણોથી આપે જીવન સમૃધ્ધ બનાવ્યું. જીવનભર પુરૂષાર્થ કરી સૌને સુખ આપી ગયા. આપનો પ્રેમ અને આશીર્વાદ અમારી શકિત છે, પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
બાલુ દયાળભાઈ પટેલ
રમેશ બાલુભાઈ પટેલ
ભારતી રમેશભાઈ પટેલ
માનવ રમેશભાઈ પટેલ

સ્વ. હરેન્દ્રભાઈ દુર્લ્લભભાઈ પટેલ
સ્વ. તા. ૧૩.૮.૨૦૨૪

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફીકસ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹ ૪૫૦૦/-	₹ ૩૦૦૦/-	₹ ૫૨૦૦/-

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

૨૦મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

આપ જીવનભર કઠોર પરિશ્રમ કરી નિષ્ઠાપૂર્વક સાદગીભર્યું જીવન જીવ્યા, ધાર્મિક વિચારો અને મજબૂત મનોબળ થકી કર્મને જીવનમંત્ર પરિવારને સમૃદ્ધ બનાવ્યો, આપના આશીર્વાદ વરસતા રહે તેમજ પ્રભુ આપના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

લિ.
પ્રકાશસિંહ તખતસિંહ વાંસીયા (usa)
રેખાબેન પ્રકાશસિંહ વાંસીયા (usa)
મુ.પોસ્ટ બગુમરા તા. પલસાણા, જી. સુરત

સ્વ. અમરસિંહ ભીલાભાઈ ચૌધરી
સ્વ. તા. ૧૫-૦૮-૨૦૦૪



નવમી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

વ્હાલા પપ્પા, આપ જીવનભર કઠોર પરિશ્રમ કરી નિષ્ઠાપૂર્વક સાદગીભર્યું જીવન જીવ્યા, ધાર્મિક વિચારો અને મજબૂત મનોબળ ઠકી કર્મને જીવનમંત્ર ગણી પરિવારને સમૃદ્ધ બનાવ્યો, આપના આશીર્વાદ વરસતા રહે તેમજ પ્રભુ આપના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

લિ.
વિજયભાઈ કેશવભાઈ પટેલ | નીતાબેન વિજયભાઈ પટેલ
પિયુષભાઈ કેશવભાઈ પટેલ | સ્વ. નીશાબેન પિયુષભાઈ પટેલ
રાજેશભાઈ કેશવભાઈ પટેલ | કામિનીબેન રાજેશભાઈ પટેલ
હસમુખભાઈ ભીખાભાઈ પટેલ | શોભનાબેન હસમુખભાઈ પટેલ
સતીશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | ભારતીબેન સતીષભાઈ પટેલ
જય રાજેશભાઈ પટેલ | આયુષી જય પટેલ
ઉર્વિ રાજેશભાઈ પટેલ
સમસ્ત પટેલ પરિવારના જયશ્રીકૃષ્ણ
3, પટેલ પ્રકાશ સોસાયટી, પ્રાઈમ આર્કેડ પાસે, અડાજણ, સુરત

સ્વ. કેશવભાઈ ભાણાભાઈ પટેલ
સ્વ. તા. ૧૬-૦૮-૨૦૧૫

દશાબાજ વણિક અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી હંસાબેન ઈન્દ્રવદન શાહ બુધવાર તા. ૧૪-૦૮-૨૦૨૪ના રોજ દેવલોક પામ્યા છે.
સ્મશાનયાત્રા : તા. ૧૫-૦૮-૨૦૨૪ના રોજ સવારે ૯.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાનેથી કુરૂક્ષેત્ર જહાંગીરપુરા સ્મશાન ઘાટે જશે.
બેસણું : તા. ૧૫-૦૮-૨૦૨૪ના રોજ સાંજે ૪:૩૦થી ૬:૩૦ સુધી અમારા નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે.

લિ.
આશિત ઈન્દ્રવદન શાહ (પુત્ર) | કેતકી અપૂર્વ મોદી (પુત્રી)
અલ્કા આશિત શાહ (પુત્રવધુ) | ગોપી હિમાંશુ શાહ (પુત્રી)
બી-૨૨, લીલાવિહાર સોસાયટી, તાડવાડી, રાંદેર રોડ, સુરત. મો.નં. ૯૩૭૪૭-૧૨૯૬૪

સ્વ. હંસાબેન ઈન્દ્રવદન શાહ
સ્વ. તા. ૧૪-૦૮-૨૦૨૪